---

**<u>ફો.કે.નં.૭૭૫૩૭ / ૨૦૧૭</u>**

(૧) આ કામમાં પોલીસ ધ્વારા આરોપી વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ ૬૬(બી) તથા ૬૫(એ)(એ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્પે. સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પે. સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–ર થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

**"<u>હુકમ</u>"**

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ આરોપીને પ્રોહી. એકટની કલમ ૬૬(બી), ૬૫(એ)(એ) મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી રૂા.૫૦૦/– અંકેરૂપિયા પાંચસો પુરા દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. કબજે થયેલ મુદ્દામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૧/૧૨/૨૦૨૧
અમદાવાદ.

**(જીજ્ઞેશ જી. દામોદ્રા)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૯૯૬.